આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : 16-05-2024 સમય : સાંજે 6.25 વાગ્યે

---

## દેશમાં ચોમાસુ વહેલું

દેશમાં આ વર્ષે ચોમાસું વહેલું શરૂ થવાના સંકેત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ 31 મે સુધી કેરળ પહોંચવાની શકયતા છે, અને એ સાથે જ દેશમાં ચાર મહિનાની ચોમાસાની ઋતુનો પ્રારંભ થશે. લા – નિનોની અસરને પગલે આ વર્ષે ચોમાસું સારું અને લાંબુ રહેવાની શક્યતા છે. ગત વર્ષે 8 જૂનથી ચોમાસાનો પ્રારંભ થયો હતો.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસોમાં ગુજરાતમાં સૌરાષ્ટ્ર તેમજ કચ્છ અને નીચે કોંકણના ભાગોમાં પણ ગરમી વધવાની સંભાવના વ્યક્ત કરી છે.

RNU અમદાવાદ

---

## પૂરક પરીક્ષા અરજી-ઓનલાઇન

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના જણાવ્યા અનુસાર ધોરણ 10 અને ધોરણ 12માં જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં ગેરહાજર રહ્યા હોય અથવા નાપાસ થયા હોય તે પૂરક પરિક્ષામાં હાજર રહી શકે છે.

પૂરક પરીક્ષા 2024 માટેની અરજી શાળાઓએ બોર્ડની સતાવાર વેબસાઈટ WWW.GSEB.ORG પર ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ઓનલાઈન માધ્યમથી કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે પૂરક પરીક્ષા માટેની અરજી 22મી મે સુધી ઓનલાઈન કરી શકાશે.

RNU અમદાવાદ

---

## મતદાન ગણતરીની તૈયારી

કચ્છ લોકસભા બેઠક પર 7 મી મેના મતદાન પૂરું થયા બાદ તમામ ઇવીએમને ભુજની એન્જીનીયરીંગ કોલેજના સ્ટ્રોંગ રૂમમાં રાખી શીલ કરવામાં આવ્યા છે. આગામી 4 થી જૂનના રોજ મતગણતરીનું આયોજન હોવાથી કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમીત અરોરાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ઝિણવટભરી કામગીરી સાથે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

N.P. આરતી ભટ્ટ

---

## જિલ્લા કલેક્ટર- ધો.10-12 સન્માન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરે તાજેતરમાં ધોરણ 10 અને ધોરણ 12ના બંને પ્રવાહનું પરિણામ જાહેર કર્યું હતું, જેમાં કચ્છ જિલ્લાનું વિક્રમી પરિણામ લાવનારા તેજસ્વી તારલાઓને કલેકટર પણ સન્માનશે. જે માટે જિલ્લા શિક્ષણાધિકારીને રૂબરૂ બોલાવીને વિગતો મંગાવાઈ હોવાનું અને તડામાર તૈયારીઓ ચાલતી હોવાના અહેવાલ છે.  અત્રે ઉલ્લેખનીય છે કે, આઈ.એ.એસ. કક્ષાના અધિકારી છાત્રોને સન્માને એ છાત્રોના જીવનની દુર્લભ અને યાદગાર ક્ષણ હોય છે. અને છાત્રોને તેમના દ્વારા પ્રેરણા મળતી હોય છે. કેમ કે તેઓ શિક્ષણના લીધે આ દરજ્જો મેળવેલ હોય છે.

N.P. આરતી ભટ્ટ

---

## ખેતીવાડી વિભાગ-ખેડૂતોને માહિતી

પ્રાકૃતિક ખેતીના વધતા વ્યાપ વચ્ચે આવા રોગના નિવારણ બિનરાસાયણિક પધ્ધતિઓ અપનાવી જમીનજન્ય રોગનું વ્યવસ્થાપન કરી શકાય છે. ઉનાળામાં હળ કે ટ્રેક્ટરની દાંતીથી આડી ઉભી ખેડ કરવી. જેથી રોગકારક ફૂગ, જીવાણું, કિટકનાં કોશેટા, ઈંડા કે કૃમિ, ઊંડી ખેડને કારણે જમીન ઉપરની સપાટીથી બહાર આવતા મે મહિનાની અસહ્ય ગરમીથી નાશ પામે તેમજ જમીનની અંદર રહેલ ફૂગને પૂરતો ઓક્સિજન ન મળવાથી નાશ પામે.  દર વર્ષે એક જ જમીનમાં એકના

એક પાકનું વાવેતર ન કરતા બીજા પાકોનું વાવેતર કરવું જેથી જમીનજન્ય રોગો જેવા કે સૂકારો, મૂળનો કહોવારો, થડનો સડો, ગંઠવા કૃમિ જેવા રોગોનું વ્યવસ્થાપન થઇ શકે છે. છાણીયું ખાતર, મરઘાનું ખાતર, જૈવિક ખાતર પાકને આપવું જોઇએ એમ ખેતીવાડી વિભાગ દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------

## ત્રીજા વર્ગ કર્મચારી-મિલકત પત્રક

સરકારી કચેરીઓમાં કામ કરતા ત્રીજા વર્ગના કર્મચારીઓને 2024ની 28મી ફેબ્રુઆરીના જાહેરનામાંથી દર વર્ષ મિલકત પત્રક ભરવાનું છે. જેની મુદ્દત મે મહિનાની 15મી તારીખ રખાઈ હતી. પરંતુ, હવે 17મી જુલાઈ સુધી ભરવા છૂટ અપાઈ છે. જાહેરનામા મુજબ રાજ્ય સરકારના વર્ગ-3ના તમામ કર્મચારીઓને પણ રાજ્યપત્રિત અધિકારીઓની જેમ વાર્ષિક ધોરણ મિલકત પત્રક ભરવાની જોગવાઈ કરાઈ છે.

N.P. આરતી ભટ્ટ

---------------------------------------------------------------------------

## વર્લ્ડ ટુરિઝમ ડે-હેરીટેજ વોક

ભુજને ઓળખવા માટે ગાઈડ મિત્રો દ્વારા વર્લ્ડ મ્યુઝિયમ ડે, આગામી 18 મી મેના રોજ સવારે 07:00 થી 9:30 વાગ્યે હેરિટેજ વોક યોજાશે. જેમાં ભુજના ટંકશાળ, મહાદેવ ગેટ, રામકુંડ, મ્યુઝિયમ વગેરે ઐતિહાસિક વિરાસતને જોઈ તેના વિશે માહિતી મેળવવા ઈચ્છતા લોકો આ હેરીટેઝ વોકમાં જોડાઇ શકે છે.

N.P. આરતી ભટ્ટ

---------------------------------------------------------------------------